ક્રમાંક:રાપબો/CGMS/૨૦૨૬/ ૨૭૫૮-૨૮૮૩

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય,
સરકારી પુસ્તકાલયની સામે
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા:૨૧/૦૨/૨૦૨૬

**પરિપત્ર :-**

વિષય :- મુખ્યમંત્રીશ્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા- CGMS -2026 પરીક્ષાના આવેદનપત્રો ભરાવવાનો સમયગાળો લંબાવવા બાબત.

સંદર્ભ :- 1.જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૬ /1862-1986,તા:03/02/2026

2.પરિપત્ર ક્રમાંક ક્રમાંક:રાપબો/CGMS/૨૦૨૬/2428-2552, તા:17/02/2026

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ-૧ના જાહેરનામાથી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-2026 માટે જાહેરનામા મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓના આવેદનપત્રો સમગ્ર શિક્ષાની કચેરીના ઓનલાઈન પોર્ટલ https://web.convegenius.ai/chat પર ભરવાની તા.05/02/2026 (બપોરે ૨.૦૦ કલાક) થી તા.16/02/2026 સુધી નિર્ધારીત કરેલ હતી. સંદર્ભ-૨ થી આ પરીક્ષાના આવેદનપત્રો ભરવાનો સમયગાળો તા.૨૧/૨/૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ હતો. હાલ આ પરીક્ષાના આવેદનપત્રો ભરવાની પ્રક્રિયા કાર્યરત છે.

હવે આ પરીક્ષાના આવેદનપત્રો તા.25/02/2026 સુધી ભરી શકાશે. પરીક્ષા અંગેની અન્ય વિગતો સંદર્ભદર્શિત જાહેરનામા મુજબ યથાવત રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ:૨૧/૦૨/૨૦૨૬

**નકલ સવિનય જાણ તથા અમલ સારૂ :**

- સ્ટેટ એમ.આઇ.એસ.,વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારુ)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.(સંબંધિત વિદ્યાર્થીઓના ધ્યાને મુકવા શાળાઓને જાણ કરવા સારુ)
- શાસનાધિકારીશ્રી, તમામ.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસામુંડા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.